ગાંધીનગર સમાચાર

અંબાજી તરફના માર્ગો પર પદયાત્રીઓનો 'જય અંબે'ના જય ઘોષ સાથેનો અવિરત પ્રવાહ



# નગરના સેવાભાવીઓ પદયાત્રા માર્ગોની સફાઈ કરશે

## સૌરાષ્ટ્ર-કચ્છ મિત્ર સેવા મંડળ દ્વારા અંબાજી પદયાત્રીઓના માર્ગો પર મહાસફાઈ અભિયાનનું આયોજન : નગરની તમામ સેવાભાવી સંસ્થાઓને જોડાવા અનુરોધ

ગાંધીનગર, તા.૨૧

હાલ ગાંધીનગર અંબાજીના ભાદરવી પૂનમના મેળા માટે ચાલતા જતા પદયાત્રીઓથી ઉભરાઈ રહ્યું છે. આ પદયાત્રીઓને સત્કારવા નગરમાં ઠેર ઠેર વિસામા અને સેવા કેન્દ્રો ઉભા કરાયા છે જયાં વિવિધ સેવાઓ પૂરી પાડવામાં આવી રહી છે. આ પદયાત્રીઓ નગરના જે જે રૂટ પરથી પસાર થઈ રહ્યાં છે તે તમામ માર્ગોનું એક મહાસફાઈ અભિયાન સૌરાષ્ટ્ર કચ્છ મિત્ર સેવા મંડળ દ્વારા તા. ૨૫મી સપ્ટેમ્બર શુક્રવારે યોજવામાં આવ્યું છે.

સેવા કેન્દ્રો પરથી પદયાત્રીઓને વિવિધ ખાણીપીણીની ચીજવસ્તુઓનું વિતરણ કરવામાં આવે છે. જેમાં પાણીના પાઉચ, ડિસ્પોઝેબલ બાઉલમાં પીરસવામાં આવતા નાસ્તા, થર્મોકોલના કપમાં છાશ, ચા-કોફી, આઈસ્ક્રીમ વગેરેનો સમાવેશ થાય છે. પદયાત્રીઓ સમય ના બગડે તે માટે ચાલતા ચાલતા આ ચીજવસ્તુઓ આરોગતા હોય છે. અને પછી ખાલી પાઉચ, બાઉલ કે કપ વગેરે રસ્તામાં જ ફેંકી દેતા હોય છે. જેના કારણે પદયાત્રાના માર્ગો પર ગંદકી થાય છે. નગરની સેવાભાવી સંસ્થાઓ દ્વારા પદયાત્રીઓની સેવા કેન્દ્રો દ્વારા સેવા પુરી પાડવામાં છે તે જ રીતે સૌરાષ્ટ્ર કચ્છ મિત્ર સેવા મંડળ દ્વારા પદયાત્રાના માર્ગોની સફાઈ કરવાની અનોખી સેવા પુરી પાડવામાં આવનાર છે.

**મહાસફાઈ અભિયાનના ટીમ મુજબ રૂટ**

- ટીમ નં. ૧ - ચ-૦ થી ચ-૩
- ટીમ નં. ૨ - ચ-૩ થી પંચેદવ મંદિર
- ટીમ નં. ૩ - પંચદેવ મંદિરથી ઘ-૬ થઈ ગ-૬
- ટીમ નં. ૪ - ગ-૪ થી ક-૭
- ટીમ નં. ૫ - પંચદેવ મંદિરથી ગ-૭
- ટીમનં. ૬ - ગ-૭ થી ક-૭

સૌરાષ્ટ્ર કચ્છ મિત્ર સેવા મંડળની છ ટીમો આ માર્ગો પર અલગ અલગ રૂટની સફાઈ કરશે જેને એક મોબાઈલ ટીમ દ્વારા સહયોગ પુરો પાડવામાં આવશે. દરેક ટીમમાં આશરે ૨૫ થી ૩૦ જેટલા સેવાભાવી સ્વયં સેવકો રહેશે અને સવારે લગભગ ૮.૩૦ વાગ્યાના સુમારે આ મહાસફાઈ અભિયાનનો પ્રારંભ કરાશે. સૌરાષ્ટ્ર કચ્છ મિત્ર સેવા મંડળ દ્વારા ગાંધીનગરની તમામ સેવાભાવી સંસ્થાઓ અને સેવાભાવી નગરજનોને આ મહાસફાઈ અભિયાનમાં જોડાવા અપીલ કરવામાં આવી છે. જે સંસ્થા કે નગરજનો આ અભિયાનમાં જોડાવા માંગતા હોય તેમને સૌરાષ્ટ્ર કચ્છ મિત્ર સેવા મંડળના સી.એલ. મહેતા (૯૪૨૬૦૦૯૬૪૯) તથા ભૂપેન્દ્રભાઈ ગજજર (૯૪૨૭૫૨૫૨૭૫) પર સંપર્ક સાધવા અનુરોધ કરાયો છે જેથી ટીમ વ્યવસ્થા ગોઠવવામાં સરળતા રહે.

## @ગાંધીનગર

### ગણેશોત્સવ-છઠ્ઠો દિવસ

● સે-૬ ભુવનેશ્વર મહાદેવ ખાતે રાત્રે ૮.૩૦ કલાકે ગાંધીનગરની વિવિધ સ્કુલો તેમજ ડાન્સ કલાસીસ દ્વારા નૃત્ય યોજાશે.

● સે-૨૨ રંગમંચ ખાતે રાત્રે ૮.૩૦ કલાકે લકુલિશ યોગ યુનિ. દ્વારા 'યોગ નૃત્ય નિદર્શન' આંતરરાષ્ટ્રીય યોગ સ્પર્ધામાં વિજેતા ખેલાડીઓ દ્વારા અદભુત નયનરમ્ય યોગ નૃત્યની પ્રસ્તુતી થશે.

● સે-૨-સી ગણેશચોક ખાતે રાત્રે ૯-૦૦ કલાકે રંગ કંસુબલ ડાયરો યોજાશે. જેમાં સુખદેવભાઈ ગઢવી પાયલ પંચાલ, કૌશિક ભોજક હાજર રહેશે.

● સે-૩-ડી ગણેશ મહોત્સવ ખાતે રાત્રે ૯-૦૦ કલાકે ચંદન યોગીદાર મ્યુઝીકલ ગ્રુપ દ્વારા રાસ ગરબા યોજાશે.

- નજાહખાનમ સૈયદ





## ગણેશોત્સવમાં હાસ્યની છોળો ઉડી

ગાંધીનગરના સાર્વજનિક ગણેશોત્સવમાં વિવિધ કાર્યક્રમો શ્રધ્ધાળુઓ રોજ માણી રહ્યા છે. સે-૨-સીમાં ગણેશ ચોક ખાતે ગણેશ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં શનિવારે ગુજરાત સરકારના માહિતી ખાતા દ્વારા હાસ્ય દરબારનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં ગાંધીનગરના હાસ્ય કલાકાર હરપાલસિંહ ઝાલા અને ટીવી કલાકાર તથા હાસ્યનો ટ્રાફિક જામ ફેઈમ નવશાદ કોટડીયાએ શ્રોતાઓને હાસ્યની છોળોમાં તરબોળ કર્યા હતા. શ્રોતાઓએ બંને કલાકારની રજૂઆતોને તાળીઓના ગડગડાટથી વધાવી લીધી હતી. (તસવીર : સમીર રામી)

# ગણેશ વિસર્જન પ્રસંગે સે-૧૩નો યુવાન નદીમાં ડુબી ગયો...!

## સે-૧૩નું યુવક મંડળ ગણેશ વિસર્જન કરવા ધામધૂમથી ધોળેશ્વર મહાદેવ પાછળ નદીએ ગયું હતું : પગ લપસતા યુવાનનું ડુબી જવાથી મૃત્યુ

ગાંધીનગર, તા.૨૧

શહેરનાં સે-૧૩નું એક યુવક મંડળ ગણેસ વિસર્જન માટે આજે બપોરે ડી.જે.ના તાલે ધોળેશ્વર મહાદેવ મંદિર પાછળ સાબરમતી નદીએ ગયું હતું. ગણેશ વિસર્જન દરમિયાન એક યુવાનનો પગ લપસતા તે નદીના પાણીમાં ગરકાવ થઈ ગયો હતો અને ૧૮ વર્ષીય યુવાનનું કરૂણ મૃત્યુ નિપજયું હતું. પોલીસે મૃતદેહ બહાર કઢાવી તપાસ શરુ કરી છે તો બીજી તરફ નદી કાંઠે માહોલ શોકમાં ફેરવાઈ ગયો હતો.

સેકટર-૧૩ વિસ્તારમાં સાર્વજનિક ગણેશ મહોત્સવની ઉજવણીને અંતે આજે પાંચમા દિવસે યુવક મંડળ દ્વારા ધામધૂમથી ગણેશ વિસર્જનનો કાર્યક્રમ રાખ્યો હતો. બપોરના અરસામાં સે-૧૩માંથી ધોળેશ્વર મહાદેવ પાછળ સાબરમતી નદીમાં ગણેશ વિસર્જન માટે ગયેલા મિત્રો ડીજેના તાલે ઝૂમીને મૂર્તિને નદીમાં પધરાવવા ઉતર્યા હતા તે દરમિયાન સે-૧૩-એ પ્લોટ નં. ૫૩૬/૧ ખાતે રહેતા ૧૮ વર્ષીય યુવાન શ્યામકુમાર મહેશભાઈ સાદરીયાનો અચાનક નદીમાં પગ લપસી જતા પાણીમાં ગરકાવ થઈ ગયો હતો. થોડી જ ક્ષણોમાં ડુબી જવાથી યુવાનનું પ્રાણ પંખેરુ ઉડી ગયું હતું. નદી કાંઠે યુવાનના મૃત્યુના સમાચારથી શોકમગ્ન માહોલ છવાઈ ગયો હતો. ઈન્ફોસીટી પોલીસ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી અને તપાસ શરુ કરી છે.

## વાતવાતમાં

● સરદાર પટેલ ગ્રુપના બનાસકાંઠા અને મહેસાણાના પ્રમુખોની ટેલિફોનિક વાતોની ઓડિયો કલીપ વાઈરલ થઈ છે. અભદ્ર શબ્દોના ઉચ્ચારણો સાથેની આ ઓડિયો કલીપ જરા સંભાળીને સાંભળવી.

● આજથી ચાલુ થયેલ ગણેશ વિસર્જનના કારણે નગરના ઘણા માર્ગો પર ટ્રાફિક જામના દૃશ્યો સર્જાયા હતા. વિસર્જન યાત્રામાં ડીજેના સંગીતમાં નાચતા શ્રધ્ધાળુઓને જોવા વાહન ચાલકો પણ ઉભા રહી જતા હતા.

● દિવસભર વરસાદી માહોલ જળવાયો હતો વારવાર ચાલુ બંધ થતો વરસાદ ઘણાને અકળાવનારો પણ લાગ્યો હતો.

● સે-૬-બીમાં આજે બે આખલા બાખડયા હતા જેના કારણે ઘણા બધા ટ્રી ગાર્ડનો ખુડદો બોલી ગયો હતો. પાડાના વાંકે પખાલીને ડામ તે આનું નામ.

● ધનંજય જોષી, વિપુલ જોષી, સંદીપ જોષી, સંજય થોરાત વગેરે પત્રકાર જગત સાથે સંકળાયેલા ગણેશ ભકતોના નિવાસસ્થાને ગણપતિની સ્થાપના કરાઈ છે.

● ગાંધીનગર સમાચારના મેનેજીંગ તંત્રી કૃષ્ણકાંત જહાના નિવાસસ્થાનેથી આજે ૮.૩૦ વાગ્યાના સુમારે એક સાપ નીકળ્યો હતો. માત્ર છ થી સાત ઈંચની લંબાઈ હોવા છતાં અત્યંત ચપળતા ધરાવતા આ સાપને અખબારના કર્મચારીઓએ એક ડબ્બામાં પુરી સુરક્ષિત સ્થાને છોડી મુકયો હતો.

- સમીર રામી
૯૯૨૪૪૪૬૬૪૫

# પી.કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજમાં કાનુની શિબિર યોજાઈ

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગર સે-૭ સ્થિત પી.કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજમાં ૨૧ સપ્ટેમ્બરના રોજ કાનુની શિબિર યોજાઈ હતી. આ શિબિરનું આયોજન પેરાલીગલ વોલેન્ટર્સ દ્વારા કરવામાં આવ્યું હતું. મુખ્ય વકતા તરીકે સુધીરભાઈ દેસાઈ અને જયરામભાઈ સોની ઉપસ્થિત રહ્યા હતા. રાજુભાઈ ગજજર, નટુભાઈ પટેલ, જીગીશાબેન ઉપાધ્યાય અને વિમળાબેન અયાશી ઉપસ્થિત રહ્યા હતા. યુવતીઓ માટેની રેગિંગ અને તે માટે કાયદાની કલમ વિશે ચર્ચા કરાઈ હતી. વિદ્યાર્થીઓ સાથે આ અંગે સલાહ સુચન કરવામાં આવ્યા હતા.

પ્રિ. ડૉ. ઉર્મિલાબેન ચૌધરીએ આ અંગે માર્ગદર્શન આપ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું આયોજન સી.ડબલ્યુ.ડી.સી.ના કન્વીનર ડૉ.લીના સ્વાદિયા અને કો કન્વીનર પ્રા. તારાબેન દેસાઈએ કર્યુ હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ત્રિવેદી મેઘલ અને પ્રયોશા વાઘેલાએ કર્યુ હતું.







ભાદરવી પૂનમ નજીક આવતા અંબાજી તરફ જતા માર્ગો ઉપર ભકતોનો ધસારો વધી રહ્યો છે અને મા અંબાના દર્શને જવા તમામ માર્ગો પદયાત્રીઓથી ભરપૂર બન્યા છે ત્યારે ઉનાવા-અંબાજી પદયાત્રા સંઘે તેના ૩૯મા વર્ષે આજે પોતાના ૭૦૦ ભકતો સાથે ઉનાવાથી અંબાજી તરફ જવા પ્રયાણ કર્યું હતું.

# શહેરમાં ડાક અદાલત યોજાશે

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગર પોસ્ટલ ડિવિઝન ગાંધીનગર સેકટર-૧૧ ખાતે આગામી તા. ૨૮ સપ્ટેમ્બરના રોજ સવારે ૧૧.૦૦ કલાકે ડાક અદાલતનું આયોજન કરવામાં આવ્યુ છે. આ ડાક અદાલતમાં ટપાલસેવાને લગતા પ્રશ્નોના નિરાકરણ કરવામાં આવશે.

આ અદાલતમાં ટપાલ સેવાને લગતી આપની ફરિયાદો સિનિ. સુપ્રિન્ટેન્ડેન્ટ ઓફ પોસ્ટ ઓફિસીસ, ગાંધીનગર ડિવિઝન સે-૧૧ ખાતે મોડામાં મોડી તા. ૨૫ સપ્ટેમ્બર ૨૦૧૫ સુધીમાં મળી જાય તે રીતે મોકલવાની રહશે. ફરિયાદ સ્પષ્ટ, મુદાસર તેમજ એક જ વિષય પર હોવી જોઈએ. નિતિ વિષયક ફરિયાદો તેમજ નિર્ધારિત સમય બાદ મળેલ ફરિયાદોને ધ્યાનમાં લેવામાં આવશે નહિ.

# સંસ્કાર ગૃપ દ્વારા ઓઝોન ડેની ઉજવણી

ગાંધીનગર, તા. ૨૧

ધોળાકુવા ગામે સ્થિત પ્રાથમિક શાળામાં સંસ્કાર ગૃપ દ્વારા ઓઝોન ડેની ઉજવણી કરવામાં આવી હતી, જેમાં વિદ્યાર્થીઓ તથા શિક્ષકો ઉત્સાહથી સામેલ થયા હતા.

ઓઝોનને લગતાં ગીતો આ પ્રસંગે ગાવામાં આવ્યાં હતાં અને વરૂણ દેવને પ્રાર્થના પણ કરવામાં આવી હતી.

આ ઉપરાંત સૅક્ટર-૨૪ ખાતે આયોજિત ગણેશ મહોત્સવ પ્રસંગે બાળકો માટે જ્ઞાન સાથે ગમ્મતનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો અને તેમને પુસ્તક અને કાર્ડ ભેટમાં આપવામાં આવ્યાં હતાં.

# પેથાપુરના સરકારી દવાખાનામાં ૧૮ માસથી ડૉકટર નથી : ગ્રામજનો પરેશાન

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગર શહેરને અડીને આવેલ પેથાપુર ગામમાં છેલ્લા ૧૮ મહિનાથી સરકારી દવાખાનામાં કોઈ ડોકટર નથી તેવું ગ્રામજનો કહી રહ્યા છે. હાલના સંજોગોમાં રોગચાળાને પગલે ગામમાં ઘેર ઘેર બિમારીના ખાટલા છે પરંતુ સરકારી દવાખાનામાં ડોકટર ન હોવાથી ગ્રામજનોએ ફરજીયાત પણે અન્ય ડોકટર કે હોસ્પિટલમાં જવું પડે છે. આથી સરકારી દવાખાનું તંત્ર દ્વારા જલ્દી શરુ કરવામાં આવે તેમ પેથાપુરવાસીઓ ઈચ્છી રહ્યા છે.

પેથાપુર ગામમાં વર્ષોથી સરકારી દવાખાનું આવેલું છે. દવાખાનું જયારે કાર્યરત હતું ત્યારે દવાખાનામાં સ્થાઈ ડોકટર હતા જેથી ગ્રામજનો બિમારી સમયે દવાખાને જઈ સારવાર કરાવતા હતા. હાલ વિકાસના સંજોગોમાં પેથાપુર ખુબ વિકાસ પામી બેવડું થયું છે અને નગરપાલિકાની વસ્તી ધરાવે છે. રાજયભરમાં અત્યારે કમળો, મેલેરિયા, ટાઈફોઈડ, ડેન્ગ્યુ, સ્વાઈન ફલુ સહિત અનેક મચ્છરજન્ય રોગોએ માથું ઉંચકયું છે ત્યારે ઘરે ઘરે બિમારીના ખાટલા છે. આવા સંજોગોમાં હાલ દવાખાનું બંધ હાલતમાં હોવાથી લોકોની મુશ્કેલીમાં વધારો થવા પામ્યો છે. આ દવાખાનામાં અત્યાર સુધી એમ.બી.બી.એસ. ડૉકટરો સેવા આપતા હતા પરંતુ છેલ્લા ૧૮ માસથી સ્થાયી ડોકટર નથી. આ દવાખાના માટે ડોકટર ચાર્જમાં હોય છે જે અઠવાડીયામાં એકાદ દિવસ દવાખાનાની મુલાકાત લે છે. પરંતુ નિયમિત રૂપે આવતા નથી. અર્બન હેલ્થ સેન્ટરના ડોકટર દ્વારા ચાલતા દવાખાનામાં કોઈ ડોકટર ન આવતા લોકોમાં રોષ જોવા મળ્યો છે. દવાખાને તાળાં જોવા મળે છે. ગ્રામજનોને બિમાર વ્યકિતઓને લઈ ખાનગી ડોકટરોને ત્યાં ફરજીયાત જવું પડે છે અને પરિણામે આર્થિક ભારણ પણ વધી જાય છે. આથી તંત્ર સત્વરે ડોકટર મુકીને દવાખાનું જલ્દી શરુ કરાવે તેવું ગ્રામજનો ઈચ્છી રહ્યાં છે.

# રાજયના ૨૦૨ પૈકીના ૧૦ જળાશય પૂર્ણ ભરાઈ ગયા

અમદાવાદ, તા.૨૧

રાજયના ઈમરજન્સી ઓપરેશન સેન્ટર દ્વારા મળેલા અહેવાલો મુજબ રાજયમાં સાર્વત્રિક વરસાદને કારણે આજે તા. ૨૧-૦૯-૨૦૧૫ના રોજ સવારે ૮-૦૦ કલાકની સ્થિતિએ રાજયના કુલ ૨૦૨ જળાશયો પૈકી સૌરાષ્ટ્ર રીજીયનના ૧૩૭ જળાશયોમાંથી ૬, ઉત્તર ગુજરાતના ૧૫ જળાશયો પૈકી ૧, મધ્ય ગુજરાતના ૧૭ જળાશયો પૈકી ૧ અને દક્ષિણ ગુજરાતના ૧૩ જળાશયો પૈકી ૨ જળાશય એમ કુલ ૧૦ જળાશયો સંપૂર્ણ ભરાયા છે. અન્ય ૩૦ જળાશયો હાઈ એલર્ટ અને ૨૪ જળાશયો એલર્ટ જાહેર કરાયા છે. ગુજરાતની જીવાદોરી સમાન નર્મદા યોજના સરદાર સરોવર ડેમ ૧૨૧.૨૦ મીટરની સપાટીએ પહોંચ્યો છે.

# કલેકટર કચેરી બહાર જ અધિકારીની ગાડીમાંથી ચોરી

ગાંધીનગર, તા.૨૧

જિલ્લા કલેકટર કચેરી સે-૧૧ ખાતે રોજગાર અધિકારી બપોરના અરસામાં મીટીંગમાં આવ્યા હતા. એક કલાકનાં સમયગાળા દરમિયાન કલેકટર કચેરી બહાર પાર્ક કરેલી અધિકારીની ગાડીના કાચ ફોડી કોઈ ગઠિયા અંદરથી રોકડ તથા ઓફિસનો સિક્કો ઉપરાંત પેનડ્રાઈવ મળી કુલ રૂ. ૩૫૫૦નો મુદ્દામાલ ચોરી કરી ભાગી ગયા હતા. અધિકારીની ફરિયાદના આધારે સે-૭ પોલીસે ગુનો દાખલ કરી ઉંડી તપાસ શરુ કરી છે.

## જિલ્લા રોજગાર અધિકારીની ગાડીના કાચ ફોડી ૨ હજાર રોકડા, ૪ પેન ડ્રાઈવ અને ઓફીસનો સિક્કોચોરી ગઠીયા પલાયન

જિલ્લા રોજગાર કચેરીમાં ફરજ બજાવતા જિલ્લા રોજગાર અધિકારી વરેશભાઈ સુરમાભાઈ પાંડોર આજે બપોરે જિલ્લા કલેકટર કચેરી ખાતે મીટીંગ માટે આવ્યા હતા. કલેકટર કચેરી બહાર તેમની કાર પાર્ક કરીને રોજગાર અધિકારી મીટીંગમાં ગયા ને એક કલાક પછી પરત ફર્યા ત્યાં સુધીમાં તેમની ગાડીનો કાચ ફોડીને ચોરી થઈ જવા પામી હતી. ગાડીના પાછળના દરવાજાનો કાચ ફોડીને અંદરથી રૂ. ૨ હજાર રોકડા, ૪ પેન ડ્રાઈવ અને ઓફીસનો સિક્કો મળીને કુલ રૂ. ૩૫૫૦ની મત્તાની ચોરી કરી અજાણ્યા શખ્સો ફરાર થઈ ગયા હતા. અધિકારી વરેશભાઈ પાંડોરની ફરિયાદને આધારે ગુનો દાખલ કરી સે-૭ પોલીસે ઝીણવટભરી તપાસ આરંભી છે.

# શિશુ વિહાર દ્વારા વડીલોનું સન્માન

ગાંધીનગર, તા.૨૧

શિશુ વિહાર સંસ્થાના ઉપક્રમે આગામી તા. ૮ નવેમ્બર ૨૦૧૫ને રવિવારના રોજ સ્વસ્થ વૃધ્ધત્વ સન્માન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. સ્વ. ન્યાલચંદભાઈ વકીલ પરિવારના સૌજન્યથી ૧૯૯૨થી પ્રારંભાયેલ આ પ્રવૃત્તિ અંતર્ગત પ્રતિ વર્ષ ૭૫થી વધુ વય ધરાવતા વડીલોનું સ્નેહમિલન યોજી તેમનું સન્માન કરવામાં આવશે. સાથે સાથે વડીલો માટે ભોજનની વ્યવસ્થા કરવામાં આવી છે. આ સ્નેહમિલન કાર્યક્રમમાં જોડાવા ઈચ્છુક વડીલોએ પોતાનું નામ શિશુવિહાર કાર્યાલય ખાતે નોંધાવી લેવા જણાવાયું છે.

# પેથાપુર વાલીમંડળ વધારાની ફી માટે સત્યાગ્રહ કરશે

ગાંધીનગર, તા.૨૧

પેથાપુરની શેઠ મ.ભ. માધ્યમિક શાળામાં ધો-૯ અને ૧૦ના ગ્રાન્ટેડ વર્ગો ચાલે છે. જેના નિયમ મુજબ કોમ્પ્યુટર વર્ગ સાથે રૂ. ૬૫૦ની ફી સામે ગરીબ વિદ્યાર્થીઓ પાસે રૂ. ૨૦૦૦ની માતબર રકમ લેવાય છે. ટ્રસ્ટી મંડળ સમક્ષ રજુઆત કરતાં બાળકોને સ્કુલમાંથી કાઢી મુકવાની ધમકી આપે છે. જિલ્લા શિક્ષણાધિકારી સમક્ષ વારંવાર રજુઆત કરવા છતાં તેમના આદેશોનો ટ્રસ્ટી મંડળ અમલ કરતું નથી. ટ્રસ્ટી મંડળ મન ફાવે તેમ ફી ઉઘરાવે છે તેથી વાલીઓમાં તીવ્ર રોષની લાગણી પેદા થઈ છે. જિલ્લા શિક્ષણાધિકારી શોભાના ગાંઠીયા જેમ કોઈ કાર્યવાહી કરવા તૈયાર નથી. ટ્રસ્ટી મંડળ સાથે મેળાપીપણાના લીધે લોકોમાં રોષ ભભુકી ઉઠયો છે. તા. ૧૯મી સપ્ટેમ્બરે ગ્રામજનો અને વાલીઓની સભા યોજાઈ હતી. જેમાં ન્યાય મેળવવા માટે જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી આગળ સત્યાગ્રહ કરવાનું નક્કી કરવામાં આવેલ છે. ટ્રસ્ટી મંડળને ફી વધારો પરત કરવા માટેની માંગણી કરેલ છે તેમ સ્વામી વિવેકાનંદના વાલીમંડળના મહામંત્રી શ્રી પોપટલાલ પ્રજાપતિએ જણાવેલ છે.

# અંબાજી તરફના માર્ગો પર પદયાત્રીઓનો 'જય અંબે'ના જય ઘોષ સાથેનો અવિરત પ્રવાહ

## ઝરમર વરસાદથી ભીંજાઈને પણ માના શરણે જવાનું પદયાત્રીઓનું અડગ મન, સેવાભાવીઓ પણ ખડે પગે

ગાંધીનગર, તા.૨૧

ભાદરવી પૂનમ જેમ જેમ નજીક આવતી જાય છે તેમ તેમ પદયાત્રીઓની સંખ્યામાં વધારો થઈ રહ્યો છે. અંબાજી તરફ જવાના તમામ માર્ગો હાલ પદયાત્રીઓથી ભરપૂર બન્યા છે. 'જય અંબે'ના જય ઘોષ સાથે ઝરમર વરસાદમાં ભીંજાતા પણ માના દર્શને અચુક પહોંચવું એ અડગ નિર્ણય તેમની ચાલવાની પધ્ધતિ ઉપરથી દેખાય છે તો બીજી તરફ વિસામામાં પણ સેવા ભાવીઓ મન મુકીને સેવા કરતા ખડે પગે દૃશ્યમાન થઈ રહ્યા છે. એકંદરે માર્ગો ઉપર શ્રધ્ધાના ઘોડાપુર ઉમટયા હોય તેવો માહોલ સર્જાયો છે.

'અંબાજી દુર છે પરંતુ જવું જરુર છે.' એવા મજબૂત ઈરાદાથી પદયાત્રીઓ હાલ માર્ગો ઉપર ચાલી રહ્યા છે. ઝરમર વરસાદથી ભીંજાઈને ભીના માર્ગો ઉપર સાવચેતીપૂર્વક આગળ વધી રહેલા પદયાત્રીઓની સેવામાં ઠેર ઠેર વિસામા ઉભા કરાયા છે જેનો લાભ લેવા સેવાભાવીઓ દ્વારા પદયાત્રીઓને વિનંતી કરાય છે. પૂર્ણ શ્રધ્ધા થકી અંબાજી પગપાળા નીકળેલા કેટલાક સંઘો માતાજીનો રથ પણ સાથે લઈને જઈ રહ્યા છે તો કેટલાક સાઈકલ ઉપર પણ માતાજીના દર્શને જઈ રહ્યા છે.



જગત જનની જગદંબામાં અખુટ આસ્થા ધરાવતા પદયાત્રિકો અંબાજીના માર્ગો ઉપર 'જય અંબે'ના જય ઘોષ અને ગરબાઓની રમઝટ બોલાવતા આગળ વધી રહ્યા છે. આ ધસમસતો પ્રવાહ અંબાજી તરફ જઈ રહ્યો છે ત્યારે અનેક શ્રધ્ધાળુઓની માનતા, બાધા અને અદમ્ય ઈચ્છાઓ પૂર્ણ કરવા સ્નેહીજનો દ્વારા ટ્રેકટર, જીપ કે કાર દ્વારા સાથ સહકાર પુરો પડાઈ રહ્યો છે. વરસાદી વિધ્નમાં પણ પ્લાસ્ટિકના આવરણ ઓઢીને પણ દિવસ રાત ચાલવાનું રાખ્યું છે. હાલ ચિલોડાથી હિંમતનગર તરફ, ગાંધીનગરથી ગોઝારીયા તરફનો માર્ગ પદયાત્રીઓથી ચિક્કાર બન્યો છે. માર્ગો ઉપર નાના ભુલકાં પણ હોંશે હોંશે 'જય અંબે'ના નાદ બોલાવતા આગળ વધતા દૃશ્યો અવિસ્મરણીય લાગી રહ્યા છે. યાત્રાધામ અંબાજીએ કરોડો માઈ ભકતો ધજા પતાકા સાથે પહોંચવા આતુર બન્યા છે ત્યારે પ્રશાસન દ્વારા પણ પૂર્ણ વ્યવસ્થા હાથ ધરાઈ છે અને માઈભકતોને આવકારી રહ્યા છે.

(તસવીર : ધર્મેન્દ્ર મહેતા)

## ચિરવિદાય

- સ્વ. હિરાબેન દ્વારકાદાસ પટેલ, ઉ.વ. ૭૨
- સ્વ. મફાજી રૂમાલજી ઠાકોર, ઉ.વ. ૭૨
- સ્વ. રાજેશકુમાર રમણલાલ ઠાકર, ઉ.વ. ૪૮